## ગુ.માશિ. વિનિમયો ૧૯૯૪, તેમાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૩ સપ્ટે. ૨૦૦૩.

**વંચાણમાં લીધો :** (૧) નાણા વિભાગનો તા.૧૬–૭–૯૯ નો ઠરાવ ક્રમાંક : એલવીઈ–૧૦૯૮ – ૧૦૨૪–૫(૨) શિક્ષણ વિભાગનો તા.૨૩–૯–૯૯ નો પત્ર ક્રમાંક : બમશ–૧૧૯૯–૨૩૪૬–ગ (૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : ઉમશબ–ગન્ટે, ૬–૭૮૯.

**ઠરાવ :–** ઉપર આમુક ક્રમાંક(૧) અને (૨) માં જણાવેલ અનુક્રમે નાણાં વિભાગના તા.૧૬–૭–૯૯ ના ઠરાવથી અને શિક્ષણ વિભાગના તા.૨૩–૯–૯૯ ના પત્રથી હકક રજા અંગે કરેલ જોગવાઈઓને અનુરૂપ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો– ૧૯૭૪ માં હકક રજા અંગે કરેલ જોગવાઈઓમાં તે મુજબ સુધારો કરવાની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ઉપર આમુખ ક્રમાંક (૩) માં જણાવાયેલ તા.૧–૨–૦૩ ના પત્રથી કરેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાના અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો ૧૯૭૪ ના વિનિમય ક્રમાંક : ૩૦ (૭) (ક) અને વિનિમય ક્રમાંક : ૩૦ (૭) (ખ) નીચે મુજબ સુધારવાનું આથી ઠરાવવામાં આવે છે.

**વિનિમય ક્રમાંક : ૩૦ (૭) (ખ)**

બિન સરકારી માધ્યમિક શાળાઓનાં શિક્ષકોએ વેકેશન દરમિયાન સરકારી/ બોર્ડની કામગીરી માટે ફરજીયાત રોકવામાં આવે ત્યારે તેઓને નહીં ભોગવેલ વેકેશનના સમયગાળા માટે તેઓનાં ખાતે રજા જમા કરવા માટે સુધારેલ રજાના નિયમો ના નિયમ–૯ અને નિયમ–૯(એ) ની જોગવાઈઓને અનુરૂપ કાર્યવાહી કરવાની રહેશે અને તે મુજબ વેકેશન ભોગવતા શૈક્ષણિક કર્મચારીઓ ને હકક રજા મળવાપાત્ર થશે.

**વિનિયમ ક્રમાંક : ૩૦(૭)(ખ) (૧) :** બિન–અધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય કોઈપણ વેકેશન માટે હકદાર થશે નહી. પણ નોકરીના પુરા વર્ષ ૩૦ લેખે ફરજ ના વર્ષ દીઠ હકક રજા મળશે.

રાજયની તમામ બિન–સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્ત રજા / અર્ધપગારી રજાનુ નિવૃતિ સમયે કુલ ૩૦૦ દિવસની રજાઓનુ રોકડમાં રૂપાંતર કરવાનુ રહેશે.

બિન સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં બિન શૈક્ષણિક કર્મચારીઓને અર્ધપગારી રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ મળી શકશે નહી. પરંતુ તેઓના ખાતે જમા પ્રાપ્ત રજાઓનુ નિવૃત સમય મહતમ ૩૦૦ દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતરનો લાભ મેળવી શકશે. આ જોગવાઈઓનો અમલ તા. ૧–૭–૧૯૯૭ થી કરવાનો રહેશે. ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(મનહર આર. ચૌધરી)**

સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.